પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૨૭ | ૮ ફેબ્રુઆરી, ૨૦૧૯, શુક્રવાર; મહા સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

રેપો અને રિવર્સ રેપોરેટ ઘટાડાયો

આરબીઆઈની એમપીસીની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણયો કરાયા : છઠ્ઠી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષામાં રેપોરેટ ઘટાડી ૬.૨૫ ટકા તેમજ રિવર્સ રેપોરેટ છ ટકા કરાયો

નવી દિલ્હી,તા. ૭

ભારતીય રીઝર્વ બેંકની આજે નાણાંકીય નિતી સમીક્ષાના પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે રેપો રેટમાં

હોમ, પર્સનલ અને ઓટો લોન સસ્તી થશે

ધારણા પ્રમાણે જ ૦.૨૫ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. આની સાથે જ રેપો રેટ ઘટીને હવે ૬.૨૫ ટકા થઈ ગયો છે. જે હાલમાં ૬.૫૦ ટકા હતા. એમપીસીની છ સભ્યોની કમિટી પૈકી ચાર સભ્યોએ બહુમતિ દ્વારા આ નિર્ણય કર્યો હતો. નવો રેપોરેટ હવે અગાઉના ૬.૫૦ ટકાની જગ્યાએ ૬.૨૫ ટકા થઈ ગયો છે. આરબીઆઈની મોનિટરી પોલિસી કમિટિ દ્વારા આજે તેના પરિણામ ત્રણ દિવસની બેઠક બાદ જાહેર કર્યા હતા. મોનિટરી પોલિસી કમિટિએ રેટમાં કાપની તરફેણમાં ૪-૨ની બહુમતિથી નિર્ણય આપ્યો હતો.

ચેતન ઘાટે અને વિરલ આચાર્ય દ્વારા યથાસ્થિતિ રાખવાનો અભિપ્રાય આપવામાં આવ્યો હતો પરંતુ બહુમતિથી આ ચુકાદો લેવાયો છે. આરબીઆઈએ તમામ મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા હતા. રિવર્સ રેપોરેટ છ ટકા રાખવામાં આવ્યો છે જ્યારે એમએસએફ અને બેંક રેટ ૬.૫ ટકાના દરે રાખવામાં આવ્યા છે. રિવર્સ રેપોરેટમાં કાપ મુકીને છ ટકા જ્યારે સીઆરઆરને યથાવત ચાર ટકા રાખવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

શક્તિકાંત દાસના નેતૃત્વમાં એમપીસી જ નિર્ણયો કરે છે

નવીદિલ્હી, તા. ૭

આરબીઆની પોલિસી સમીક્ષા આજે જારી કરવામાં આવી હતી. આરબીઆઈની એમપીસીમાં કોણ કોણ સભ્યો છે તેને લઈને હમેશા ચર્ચા થતી રહી છે. એમપીસીનું નેતૃત્વ આરબીઆના ગવર્નર શક્તિકાંત દાસ કરી રહ્યા છે. શક્તિકાંત દાસના નેતૃત્વમાં આરબીઆઈની પ્રથમ બેઠક યોજાઈ હતી જેમાં વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. આ નીતિ સમિતિમાં જે સભ્યો રહેલા છે તેમાં વિરલ આચાર્ય, ભારતીય સંસ્થાના પ્રોફેસર ચેતન ઘાટે, દિલ્હી સ્કૂલ

● અનુસંધાન પાન-૭ પર

વંદે ભારત એક્સપ્રેસ ૧૫મીથી આરંભાશે

વડાપ્રધાન મોદી લીલીઝંડી આપીને શરૂ કરાવશે : દેશની પ્રથમ એન્જિન વગરની ટ્રેન દિલ્હીથી રવાના કરાશે

નવી દિલ્હી,તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતની પ્રથમ એન્જિનરહિત ટ્રેન વંદે ભારત એક્સપ્રેસને ૧૫મી ફેબ્રુઆરીના દિવસે લીલીઝંડી આપનાર છે. નવી દિલ્હી રેલવે સ્ટેશન ખાતેથી આ ટ્રેન રવાના કરવામાં આવનાર છે. રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યુ છે કે તાજેતરમાં જ રેલવે પ્રધાન પિયુષ ગોયલે ટ્રેન ૧૮ને વંદે ભારત એક્સપ્રેસ નામ આપ્યુ હતુ. અત્રે નોંધનીય છે કે ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચ સાથે બનેલી આ ટ્રેનને પૂર્ણ રીતે ભારતમાં તૈયાર કરવામાં આવી છે. ખુબ ઓછા લોકોને આ અંગે માહિતી છે કે ચેન્નાઈની ઈન્ટીગ્રલ કોચ ફેક્ટરીમાં તૈયાર કરવામાં આવેલી આ ટ્રેને દિલ્હી રાજધાની માર્ગના ખંડ પર પરીક્ષણ દરમિયાન ૧૮૦ કિલોમીટર પ્રતિ કલાકથી વધારેની ઝડપ હાંસલ કરી હતી. આની સાથે જ ભારતમાં સૌથી ઝડપથી દોડનાર ટ્રેન બની ગઈ હતી. આની સાથે જ આ ટ્રેન ભારતમાં હજુ સુધીની સૌથી તેજ ગતિથી દોડતી ટ્રેન બની છે. ૧૬ કોચ ધરાવતી આ ટ્રેન દેશના પાટનગર દિલ્હીથી વારાણસીની વચ્ચે દોડનાર છે. આ સંબંધમાં એક અધિકારીએ માહિતી

● અનુસંધાન પાન-૭ પર

દિલ્હી-એનસીઆરમાં બીજા દિવસે ભારે વરસાદ

નવી દિલ્હી,તા. ૭

દિલ્હી અને એનસીઆરમાં આજે સતત બીજા દિવસે પણ વરસાદ જારી રહ્યો હતો. વરસાદના

વરસાદ અને ઠંડા પવનથી તાપમાનમાં ઘટાડો થયો : ઉત્તર ભારતમાં ધુમ્મસ અને કાતિલ ઠંડી હજુ પણ યથાવત

કારણે તાપમાનમાં ફરી એકવાર ઘટાડો થયો છે અને ઠંડીના પ્રમાણમાં વધારો થયો છે. દરમિયાન ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી અને ધુમ્મસની સ્થિતીના કારણે લોકો પહેશાન થયેલા છે. રાજમાર્ગો પર ધુમ્મસના કારણે અકસ્માતોના કેસમાં વધારો થયો છે. બુધવારના દિવસે ભારે વરસાદ થયા બાદ આજે હળવો વરસાદ થયો હતો. જેથી ઠંડી વધી ગઈ છે. હવામાન વિભાગે કહ્યુ છે કે પહાડી વિસ્તારોમાં હિમવર્ષાના કારણે મેદાની ભાગોમાં તેની અસર દેખાઈ રહી છે. આજે સતત બીજા દિવસે દિલ્હી અને એનસીઆર સહિત વિવિધ ભાગોમાં સવારે જોરદાર વરસાદ થતા ચારેબાજુ અંધારપટ્ટની સ્થિતી છવાઈ ગઈ હતી. હવામાન વિભાગે ભારે હિમવર્ષા જારી રહેવાની પણ વાત કરવામાં આવી છે.

જમ્મુ અને ખીણ પ્રદેશમાં હિમવર્ષા અને વરસાદ પડ્યો છે. ભારે હિમવર્ષાના કારણે જમ્મુ-શ્રીનગર રાજમાર્ગને બંધ કરવાની ફરજ પડી છે. જમ્મુ કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે.

ન્યુઝ ટ્રેક

છત્તીસગઢમાં ૧૦ નકસલીઓ ઠાર

છત્તીસગઢના બીજાપુર જિલ્લાના માડ વિસ્તારમાં સુરક્ષાદળોએ એન્કાઉન્ટરમાં ૧૦ નકસલીઓને ઠાર માર્યા હતા. પોલીસે મોટી માત્રામાં હથિયારો પણ જપ્ત કર્યા છે.

દોહા વર્લ્ડકપમાં ભાગ લેશે સ્ટાર જિમનાસ્ટ કરમાકર

દેશની સ્ટાર જિમ્નાસ્ટ દીપા કરમાકર ટોકીયો ઓલમ્પિક પહેલા પોતાની રમત મજબુત કરી રહી છે. આગામી માર્ચ મહિનામાં યોજાનાર બાકુ વર્લ્ડકપ અને દોહા વર્લ્ડકપમાં ભાગ લેવા તેઓ મહેનત કરી રહ્યા છે.

નોઈડા મેટ્રો હોસ્પિટલમાં આગ

નોઈડા સેકટર-૨૧ સ્થિત મેટ્રો હાર્ટ હોસ્પિટલના બીજા માળે અચાનક જ આગ ભભૂકી ઉઠી હતી. આગ લાગી ત્યારે કેટલાક દર્દીઓના ઓપરેશન ચાલી રહ્યા હતા. હોસ્પિટલના દરવાજા તોડી દર્દીઓને બહાર કાઢવામાં આવ્યા હતા.

મધ્યપ્રદેશમાં ૪૦૦૦ રૂપિયા બેકારી ભથ્થુ

રાજસ્થાનની કોંગ્રેસ સરકાર પહેલા જ ૩૦૦૦ રુપિયા બેકારી ભથ્થુ પ્રતિ મહિના આપવાનુ એલાન કરી ચુકી છે ત્યારે મધ્યપ્રદેશની કોંગ્રેસની સરકારે પણ બેકારોને દર મહિને ૪૦૦૦ રુપિયા બેકારી ભથ્થુ અને ૧૦૦ દિવસની રોજગારી આપવા માટેની તૈયારીમાં છે.

વાજપેયીનું લાઇફ સાઇઝ પોટ્રેઇટ સંસદમાં મૂકાશે

પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનું લાઈફ સાઈઝ પોટ્રેઈટ દેશની સંસદનાં સેન્ટ્રલ હોલમાં ૧૨મીએ મૂકવામાં આવશે. વાજપેયીનાં પોટ્રેઈટનું અનાવરણ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ઉપરાષ્ટ્રપતિ વેંકેયા નાયડુની ઉપસ્થિતિમાં કરાશે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા અન્ય મંત્રીઓ હાજરી આપશે.

વિપક્ષનું મહાગઠબંધન મહામિલાવટ : નરેન્દ્ર મોદી

૫૫ વર્ષ પર મારા ૫૫ મહિના ભારે પડી ગયા : ભ્રષ્ટાચારીઓ સામે નિર્ણાયક કાર્યવાહી જારી રહેશે : ભાજપની ટિકા કરતા કરતા દેશની પણ ટિકા કરવા લાગી જાય છે : નોટબંધી-રાફેલ મામલે પણ કોંગ્રેસ પર મોદીના પ્રહારો

નવીદિલ્હી, તા. ૭

લોકસભામાં આજે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિના અભિભાષણ પર અભિનંદન માટે ઉભા થયા ત્યારે તેમણે વિપક્ષના દરેક આક્ષેપોનો જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ સહિત સમગ્ર વિપક્ષ પર ગંભીર આક્ષેપ કરતા કહ્યું હતું કે, વિપક્ષનું કામ માત્ર વિરોધ કરવાનું છે, મોદીની ટિકા કરવી જોઈ પરંતુ મોદી-ભાજપની ટિકા કરતા કરતા લોકો દેશની ટિકા કરવા લાગી જાય છે. આક્રમક અંદાજમાં મોદીએ કહ્યું હતું કે, આપણે તમામ લોકોએ દેશની ટિકા કરવી જોઈએ નહી. રાષ્ટ્રપતિના અભિભાષણ પર અભિનંદન આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભામાં વિપક્ષ પર જોરદાર પ્રહારો કર્યા



હતા.તેમણે દરેક આક્ષેપનો જવાબ આપતા કહ્યું હતું કે, કોંગ્રેસે ૫૫ વર્ષ અને મોદી સરકારના ૫૫ મહિનાની વિકાસ સરખામણી કરી હતી. તેમણે મહાગઠબંધનના પ્રયાસો ને મહામિલાવટ કહ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કહ્યું હતુ કે, ૨૦૧૪માં ૩૦ વર્ષ બાદ દેશની જનતાએ પૂર્ણ બહુમતિની સરકાર આપી અને આજે દેશને અનુભવ થઈ ગયો કે, મિલાવટી સકકાર શું હોય છે અને પૂર્ણ બહુમતિની સરકારનું શું મહત્વ હોય છે. તેમણે કહ્યું હતું કે, મહામિલાવટની હાલત તમે કોલકાતામાં જોઈ પરંતુ કેરળમાં આ લોકો એક બીજાનું મોં પણ નથી જોઈ શકતા. ચૂંટણી પહેલા વિપક્ષી ગઠબંધન પર આકરા પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, દેશમાં ૩૦ વર્ષ સુધી મિલાવટની સ્થિતિ જોવા મળી હતી. તેમણે કહ્યું હતું કે, હેલ્દી ડેમોકેસીવાળા હવે મહામિલાવટથી દૂર રહેનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, પડકારને પડકારવો એ દેશનો

● અનુસંધાન પાન-૭ પર

સતત બીજા દિવસે રોબર્ટ વાડ્રાની સખત પુછપરછ

ઇડી સમક્ષ સવારે ઉપસ્થિત થયા બાદ મોડી સાંજ સુધી પુછપરછ : ઇડીના અધિકારી દ્વારા કઠોર પ્રશ્નો રોબર્ટ વાઢેરાને કરવામાં આવ્યા : કાર્તિ ચિદમ્બરમની ઇડી દ્વારા પુછપરછ થઇ : આજે ચિદમ્બરમની પુછપરછ કરાશે

નવી દિલ્હી,તા. ૭

કોંગ્રેસના બે મોટા નેતાઓના સંબંધીઓની આજે લાંબી અને આકરી પુછપરછ કરવામાં આવી હતી. સવારે પુછપરછનો સિલસિલો શરૂ થયા બાદ બપોરે લંચ બ્રેક બાદ પણ આ સિલસિલો જારી રહ્યો હતો. તપાસ સંસ્થા એન્ફોર્સમેન્ટ એજન્સીની ઓફિસમાં પુછપરછ માટે આજે સતત બીજા દિવસે યુપીએના અધ્યક્ષ સોનિાય ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરા ઉપસ્થિત રહ્યા હતા. બીજી બાજુ પૂર્વ કેન્દ્રીય નાણામંત્રી પી ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બરમ પણ ઇડી સમક્ષ ઉપસ્થિત રહ્યા હતા. બંનેની કલાકો સુધી જોરદાર અને કઠોર રાઉન્ડની પુછપરછ ચાલી હતી. વાઢેરાની બીજા રાઉન્ડની પુછપરછ થઈ હતી. સવારે બે કલાક પુછપરછ થઈ હતી ત્યારબાદ લંચ બ્રેક બાદ વાઢેરા ફરીવાર અઢી વાગે પુછપરછ માટે ઉપસ્થિત રહ્યા હતા.

ગઈકાલે છ કલાક સુધી તેમની પુછપરછ થઈ હતી. ૧૧.૨૫ વાગે મધ્ય દિલ્હીના જામનગર હાઉસમાં ઈડી ઓફિસમાં પહોંચ્યા હતા. તેમની વકીલોની ટીમ એક કલાક પહેલા પહોંચી હતી.

સુત્રોએ કહ્યુ છે કે રોબર્ટ વાઢેરાની પાસેથી ઈડીએ તેમની લંડનની પ્રોપર્ટી અંગેની વિગત માંગી છે. સાથે સાથે સંજય ભંડારી નામના કારોબારી સાથે તેમના સંબંધની વિગત પણ માંગવામાં આવી છે. કોંગ્રેસ પાર્ટી વાઢેરાને લઈને પ્રશ્નોના જવાબ આપી રહી નથી. ઈડીએ કહ્યું છે કે, લંડન સ્થિત ફ્લેટને ફરાર ડિફેન્સ ડીલર સંજય ભંડારીએ ૧૬ કરોડ ૮૦ લાખ રૂપિયામાં ખરીદી લીધું હતું. ત્યારબાદ રિટેલ કામગીરી માટે તેના પર ૬૫૯૦૦ પાઉન્ડની રકમ વધારાની ખર્ચ કરવામાં આવી હતી છતાં ભંડારીએ ૨૦૧૦માં આજ કિંમત ઉપર તેનું વેચાણ રોબર્ટ વાઢેરાના અંકુશવાળી કંપનીને કરી દીધું હતું.

આસામ સરકાર નવવધૂને એક તોલો સોનું આપશે

ગરીબોને એક રૂપિયે કિલો ચોખા : ચૂંટણી સિઝનમાં ભેટનો વરસાદ

ગૌહાટી,તા.૭

આસામના નાણા પ્રધાન હેમંત બિશ્વા શર્માએ ૨૦૧૯-૨૦ના વર્ષ માટે રાજ્યનું ૧,૧૯૩ કરોડ રૂપિયાની ખાધવાળુ બજેટ રજૂ કર્યું

હતું, જેમાં નવા કોઈ કરવેરા નથી અને નવવધૂઓને એક તોલો સોનુ અને ગરીબોને એક રૂપિયે કિલો ચોખા આપવાનો પ્રસ્તાવ છે. બજેટમાં લઘુમતિ સમુદાયની કન્યાઓ સહિત વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપવાનો પ્રસ્તાવ છે.

બજેટમાં ઓપનીંગ બેલેન્સ માઈનસ ૧,૭૯૯.૮૪ કરોડ રૂપિયા છે. ૨૦૧૯-૨૦ના વર્ષ દરમિયાન ૬૦૬.૮૦ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેક્શનનો પ્રસ્તાવ કરવામાં આવ્યો છે. આસામ સ્પેશ્યલ કેટેગરીના રાજ્યનો દરજ્જો ભોગવે છે, તેથી ૧૦ લાખ રૂપિયા કે તેથી વધુનું ટર્ન ઓવર ધરાવતી કંપનીઓએ જીએસટી (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ) માટે નોંધણી કરાવવી પડે છે, પરંતુ નાના વ્યવસાયોને રાહત આપવા માટે સરકારે ૨૦ લાખ રૂપિયા કે તેથી વધુનું ટર્ન ઓવર ધરાવતી કંપની અથવા વ્યવસાયોને જીએસટી માટે નોંધણી કરાવવાનો પ્રસ્તાવ કર્યો છે, એમ શર્માએ જણાવ્યું હતું.

પાંચ દિવસમાં ૧૦ રાજ્યોમાં મોદીની ચૂંટણી પ્રચાર રેલી

લોકસભા ચૂંટણી પહેલા મોદીની યાત્રા પર રાજકીય પક્ષોની નજર : જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લેવાની સાથે સાથે ઝંઝાવતી પ્રચાર કરીને રેલી કરશે : મોદી આજે છત્તિસગઢ, પશ્ચિમ બંગાળ અને આસામમાં વ્યસ્ત રહેશે

નવી દિલ્હી,તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકસભા ચૂંટણીને લઈને હવે તૈયારીરૂપે એક્શન મોડમાં આવી ગયા છે. જેના ભાગરૂપે ઝંઝાવતી પ્રચાર અને પ્રવાસ કરવા માટે તેમની યોજના તૈયાર થઈ ગઈ છે. પાર્ટીના વિશ્વસનીય સુત્રોએ કહ્યુ છે કે હવે આવતીકાલથી પાંચ દિવસના ટુંકા ગાળામાં જ મોદી ૧૦ રાજ્યોમાં પ્રવાસ કરનાર છે. જ્યાં જુદા જુદા વિકાસ કાર્યક્રમ, શિલાન્યાસ કાર્યક્રમ અને ઉદ્ઘાટન કાર્યક્રમની સાથે સાથે ઝંઝાવતી ચૂંટણી પ્રચાર રેલી મારફતે કરનાર છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોમાં ભારે ઉત્સાહ વધારી દેવા માટે મોદી સજ્જ છે. પાંચ રાજ્યોની મોદીની યાત્રા લોકસભા ચૂંટણી પહેલા ઉપયોગી છે. મોદી ૧૦ રાજ્યોમાં પ્રચાર દરમિયાન એક રાત્રે આસામમાં રોકાણ કરનાર છે. આ પ્રવાસથી પહેલા મોદી હાલમાં જમ્મુ કાશ્મીર અને બંગાળનો પ્રવાસ કરી ચુક્યા છે. આવતીકાલે આઠમી ફેબ્રુઆરીના દિવસે મોદી ત્રણ રાજ્યોમાં પહોંચનાર છે. છત્તિસગઢના રાયગઢના કોંડાતરાઈમાં એક રેલીને સંબોધન કરનાર છે. આ છત્તિસગઢમાં વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ મોદીની પ્રથમ છત્તિસગઢ યાત્રા છે. ત્યારબાદ મોદી પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં રેલી કરનાર છે. બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જી દ્વારા મોદી સરકાર સામે મોરચો ખોલી દીધો છે ત્યારે તેમની આ યાત્રા ઉપયોગી સાબિત થઈ શકે છે. મોદી અહીં રેલી દરમિયાન મમતા બેનર્જી સરકાર પર તેજાબી પ્રહારો કરી શકે છે. રાજ્યના પોલીસ કમીશનર રાજીવ કુમારની સીબીઆઈ દ્વારા પુછપરછ કરવાના હાથ ધરવામાં આવેલા પ્રયાસ સામે મમતા બેનર્જી ધરણા કરી ચુકી છે.

કપલ / ફેમીલી / LTC / AIR પ્રવાસો

લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ	આંદામાન-હેવલોક આઇલેન્ડ
ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ	કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી
ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા	બદ્રી-કેદાર-ગંગોત્રી-યમુનોત્રી
સિમલા-મનાલી ડેલહાઉસી અમૃતસર	નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર
કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ	પવિત્ર કૈલાસ માનસરોવર યાત્રા
બેંગ્લોર-મૈસુર સહ દક્ષિણ ભારત	મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી

By Helicopter કૈલાસ માનસરોવર તથા ચારધામ

નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ સી.જી.રોડ, અમદાવાદ
Ph.26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225